ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 13 ■ તારીખ : 05, ઓક્ટોબર, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

**દેશભરની સહકારી બેંકોના ડિજિટલ આધુનિકીકરણ અને સાયબર સુરક્ષા માટે વિશિષ્ટ પહેલ સહકાર સારથી પ્રાઈવેટ લિમિટેડ**

## સહકાર સારથી ભારતના ગ્રામીણ સહકારી બેન્કિંગ ક્ષેત્ર માટે એક કોમન ડિજિટલ બેકબોન તરીકે ભૂમિકા ભજવી રહ્યું છે

નવી દિલ્હી: ગ્રામીણ સહકારી બેન્કો (RCBs)ના ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે સ્થાપિત સહકાર સારથી પ્રાઈવેટ લિમિટેડ (SSPL)એ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. માર્ચ 2026 સુધીમાં સંસ્થાએ ₹803.18 કરોડની ઈક્વિટી મૂડી એકત્રિત કરી છે, જ્યારે પ્રથમ વર્ષ દરમિયાન 315 સહકારી બેન્કોને 'Bank.in' વિશિષ્ટ ઈન્ટરનેટ ડોમેન પર સ્થળાંતરિત કરવામાં સફળતા મળી છે.

ભારતીય રિઝર્વ બેન્કની મંજૂરી બાદ 21 જુલાઈ, 2025ના રોજ નોંધાયેલી સહકાર સારથી પ્રાઈવેટ લિમિટેડમાં નાબાર્ડ (NABARD), નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) અને સહભાગી ગ્રામીણ સહકારી બેન્કોની સમાન ભાગીદારી છે. આ ત્રણેય વર્ગની સંસ્થાઓનો હિસ્સો 33.33 ટકા છે. સંસ્થાની અધિકૃત મૂડી ₹1,000 કરોડ નક્કી કરવામાં આવી છે.

સહકાર મંત્રાલયે સહકાર સારથીને ગ્રામીણ સહકારી બેન્કોને આધુનિક, પ્રમાણિત અને વાજબી ખર્ચે બેન્કિંગ ટેક્નોલોજી ઉપલબ્ધ કરાવવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ ગણાવ્યું છે. ગ્રામીણ સહકારી બેન્કો લાંબા સમયથી ટેક્નોલોજી વ્યવસ્થાનો અભાવ, ડિજિટલ ટેક્નોલોજી અપનાવવાની અસમાન ગતિ, વધતી જતી નિયમનકારી આવશ્યકતાઓ તથા અત્યાધુનિક બેન્કિંગ માળખું અલગથી વિકસાવવા અને જાળવવાના ઊંચા ખર્ચ જેવા પડકારોનો સામનો કરી રહી છે.

આ પડકારોના ઉકેલ માટે સહકાર સારથીએ Shared Services Model અપનાવ્યું છે. આ મોડેલ દ્વારા બેન્કોને સામાન્ય ટેક્નોલોજી માળખાનો લાભ મળી

અનુસંધાન પાના નંબર : 2




**નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડની 5મી વાર્ષિક સામાન્ય સભા સંપન્ન**

## નિકાસ ક્ષેત્રમાં વિસ્તરણની નોંધપાત્ર સિદ્ધિ નિકાસ કોમોડિટીઝ 34થી વધીને 54 થઈ અને રૂ. 584.20 કરોડનું ટર્નઓવર

નવી દિલ્હી: નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL)ની 5મી વાર્ષિક સામાન્ય સભા (AGM) NCELના ચેરમેન, નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)ના મેનેજિંગ ડિરેક્ટર તથા ભારત સરકારના સહકાર મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી પંકજકુમાર બંસલ, IASની અધ્યક્ષતામાં તા. 18 – 09 – 2026ના રોજ યોજાઈ હતી, જેમાં દેશભરમાંથી સંસ્થાના સભ્યોએ ભાગ લીધો હતો. AGMમાં નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન સંસ્થાની નિકાસ કામગીરીમાં થયેલા નોંધપાત્ર વિસ્તરણ, સહકારી નેટવર્કના વિકાસ તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં વધેલી પહોંચની સમીક્ષા કરવામાં આવી હતી. ભારતના સહકારી ક્ષેત્રના વૈશ્વિક નિકાસ બજાર સાથે વધુ મજબૂત રીતે જોડવા માટેની ભાવિ વ્યૂહરચના અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

NCELએ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન નિકાસ પોર્ટફોલિયોમાં નોંધપાત્ર વૈવિધ્યતા સાથે આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચ વિસ્તારી રૂ. 584.20 કરોડનું ઓપરેશનલ ટર્નઓવર નોંધાવ્યું છે. NCELએ નાણાકીય વર્ષ 2024-25માં 34 કોમોડિટીઝનું નિકાસ બાસ્કેટ ચાલુ વર્ષે 54 કોમોડિટીઝ સુધી પહોંચાડ્યું છે. જેમાં કેળાં, દ્રાક્ષ, ઝીંગા, હળદર, જીરું સહિત વિવિધ કૃષિ, બાગાયત, દરિયાઈ તથા વેલ્યુ-એડેડ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં સપ્લાઈ ચેન મજબૂત બનાવવા અને નવી તકો શોધવા માટે NCELએ યુરોપ અને પૂર્વ એશિયા સાથે દક્ષિણ એશિયા, આફ્રિકા અને મધ્યપૂર્વના

અનુસંધાન પાના નંબર : 2



## નાબાર્ડ દ્વારા ગ્રામીણ સહકારી બેંકોની દેખરેખ અને ડિજિટલ સુવિધા સઘન બનાવાઈ

નવી દિલ્હી: નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) દ્વારા ગ્રામીણ સહકારી બેંકોની દેખરેખ, સંસ્થાકીય મજબૂતીકરણ અને ડિજિટલ આધુનિકીકરણની કામગીરીને વેગવાન બનાવવામાં આવી રહી છે. NABARDના નાણાકીય વર્ષ 2025-26ના વાર્ષિક અહેવાલમાં ગ્રામીણ સહકારી બેંકોનું નિરીક્ષણ, નબળી બેંકો માટે ટર્નઅરાઉન્ડ પ્લાન, ફરિયાદ નિવારણ વ્યવસ્થા અને ટેક્નોલોજી આધારિત આધુનિકીકરણ સહિતની વિવિધ પહેલો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

31 માર્ચ, 2026ની સ્થિતિએ દેશના ગ્રામીણ સહકારી ધિરાણ માળખામાં 34 સ્ટેટ કો-ઓપરેટિવ બેંકો (StCBs), 353 ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકો (DCCBs), 1.06 લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), 12 સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંકો (SCARDBs) અને 609 પ્રાઈમરી કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંકો (PCARDBs) કાર્યરત છે.

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન NABARD દ્વારા StCBsની 34 વૈધાનિક તપાસ, DCCBsની 268 તપાસ અને SCARDBsની 8 તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત 26 RRBsના 11 બેંકોમાં વિલીનીકરણ પહેલાં 43 નિયમિત તપાસ હાથ ધરવામાં આવી હતી અને વિલીનીકરણ બાદ નવી રચાયેલી બેંકોની તાત્કાલિક તપાસ પણ કરવામાં આવી હતી.

વર્ષ દરમિયાન RRBs, StCBs અને DCCBs સામે કુલ 65 સ્પીકિંગ ઓર્ડર્સ (SOs) જારી કરવામાં આવ્યા હતા અને રૂ. 152.3 લાખનો દંડ પણ કરવામાં આવ્યો છે.

NABARD દ્વારા નિરીક્ષણના આધારે કેટેગરી C અને Dમાં વર્ગીકૃત નબળી ગ્રામીણ સહકારી બેંકો તેમજ Supervisory Action Framework–Self Initiative

અનુસંધાન પાના નંબર : 3




**નાણાકીય વર્ષ 2025-26માં 268 DCCB અને 34 StCBનું નિરીક્ષણ; 96 નબળી ગ્રામીણ સહકારી બેન્કોને ટર્નઅરાઉન્ડ પ્લાન હેઠળ આવરી લેવામાં આવી**

**"કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" યુવા સહકારી સેમિનાર – 2026**

## શિક્ષિત યુવાનોએ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાઈને ટેક્નોલોજી દ્વારા સહકારી ક્ષેત્રનો વિકાસ કરવો જોઈએ : શ્રી ઘનશ્યામભાઈ અમીન




## સહકાર એ ભારતીયોનો સ્વભાવ અને સંસ્કાર છે : ડૉ. હર્ષદભાઈ પટેલ

અમદાવાદ: ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ઉપક્રમે રાજ્યની જુદી જુદી કૉલજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સહકારી ક્ષેત્રે યુવાનોની ભાગીદારી વધે તે માટે "કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" વિષય વસ્તુને ધ્યાનમાં રાખી રાજ્ય કક્ષાનો યુવા સહકારી સેમિનાર – 2026, તા. 23 – 09 – 2026 બુધવારના રોજ ટાગોર હોલ – પાલડી, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન અને વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર સ્પર્ધાત્મક પરીક્ષા જીપીએસસીના પુસ્તકનું વિમોચન કરી આત્મનિર્ભર થવા બાબતે મહાત્મા ગાંધીજીને યાદ કરી ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે સહકારની વિભાવના આપતાં જણાવ્યું હતું કે, ભારતીયોનો સ્વભાવ જ સહકાર છે. સહકાર એ આપણી સંસ્કૃતિ છે. સહકારથી જીવન બદલી શકાય છે. આ સહકારી ભાવનાને રજિસ્ટર્ડ ફોરમેટમાં ગોઠવો એટલે સહકારી પ્રવૃત્તિ બને છે. તમે સૌ વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા યોજાયેલ આ સહકારી સેમિનારમાંથી સહકારી પ્રવૃત્તિનું ઉડાણપૂર્વકનું જ્ઞાન મેળવી આ દિશામાં કામ કરવા પ્રેરાશો.



સેમિનારના પ્રમુખ સ્થાનેથી રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ અને રાષ્ટ્રીય સહકારી આગેવાનશ્રી ઘનશ્યામભાઈ અમીને કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિ સેમિનારના વિષયની પ્રાસંગિકતા

અનુસંધાન પાના નંબર : 2

## નાણાકીય વર્ષ 2025-26માં કૃષિ ગ્રાઉન્ડ-લેવલ ક્રેડિટમાં સહકારી બેન્કોનો 9.3% હિસ્સો

નવી દિલ્હી : નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન દેશના કૃષિ ક્ષેત્રને સંસ્થાકીય ધિરાણ પહોંચાડવામાં સહકારી બેન્કોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. નાબાર્ડ (NABARD)ના જિલ્લા સ્તરીય ધિરાણ આયોજનના આંકડા અનુસાર, સહકારી બેન્કોએ વર્ષ દરમિયાન ₹2.8 લાખ કરોડનું કૃષિ ગ્રાઉન્ડ-લેવલ ક્રેડિટ (GLC) હાંસલ કર્યું હતું, જે સમગ્ર બેન્કિંગ ક્ષેત્ર દ્વારા હાંસલ કરાયેલા કુલ ₹30 લાખ કરોડના કૃષિ GLCના 9.3 ટકા જેટલું છે.

31 માર્ચ, 2026ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન બેન્કિંગ ક્ષેત્રે કૃષિ GLC માટે નક્કી કરવામાં આવેલા ₹32.5 લાખ કરોડના વાર્ષિક લક્ષ્યાંક સામે ₹30 લાખ કરોડનું ધિરાણ હાંસલ કર્યું હતું. આ રીતે કુલ લક્ષ્યાંકની સરખામણીમાં આશરે 92 ટકા સિદ્ધિ નોંધાઈ હતી.

સહકારી બેન્કો માટે ₹3.7 લાખ કરોડના લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતું. તેની સામે ₹2.8 લાખ કરોડનું કૃષિ GLC હાંસલ થયું હતું. આ રીતે નક્કી કરેલ લક્ષ્યાંક સામે આશરે 76 ટકા સિદ્ધિ મેળવી હતી. સમગ્ર બેન્કિંગ ક્ષેત્રે હાંસલ કરાયેલા ₹30 લાખ કરોડના કૃષિ GLCમાંથી સહકારી બેન્કોનો હિસ્સો 9.3 ટકા રહ્યો છે.

સહકારી બેન્કોએ હાંસલ કરેલા ₹2.8 લાખ કરોડના કૃષિ GLCમાંથી ₹2.5 લાખ કરોડ પાક ધિરાણ (Crop Lending) તરીકે આપવામાં આવ્યા હતા, જ્યારે ₹0.3 લાખ કરોડ ટર્મ લોન (Term Lending) તરીકે વિતરણ કરવામાં આવ્યા હતા. આ આંકડા દર્શાવે છે કે સહકારી બેન્કો ખાસ કરીને ખેડૂતોની ટૂંકા ગાળાની કૃષિ ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. પાક ધિરાણ દ્વારા ખેડૂતોને વાવેતર, ખેતી ખર્ચ અને કૃષિ પ્રવૃત્તિઓ માટે જરૂરી કાર્યકારી મૂડી ઉપલબ્ધ કરાવવામાં મદદ મળે છે.

કૃષિ ક્ષેત્રને ગ્રાઉન્ડ લેવલ ક્રેડિટ પૂરી પાડવામાં વાણિજ્યિક બેંકો સૌથી મોટો સંસ્થાકીય સ્ત્રોત રહ્યા હતા, જ્યારે પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs)એ પણ કૃષિ ધિરાણ પહોંચાડવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ રીતે વાણિજ્યિક બેન્કો, સહકારી બેન્કો અને RRBs મળીને દેશના કૃષિ ક્ષેત્રની ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે મહત્વપૂર્ણ સંસ્થાકીય માળખું પૂરું પાડે છે.

કૃષિ ધિરાણ આયોજન અને તેની દેખરેખને વધુ મજબૂત બનાવવા માટે નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન NABARD દ્વારા 784 જિલ્લાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી 774 Potential Linked Plans (PLPs) તૈયાર કર્યા હતા. આ ઉપરાંત, ધિરાણ આયોજન અને મોનિટરિંગને અસરકારક બનાવવા માટે 552 જિલ્લા અને ક્લસ્ટર અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા સ્તરે કામગીરીને વધુ મજબૂત બનાવવા માટે 60 નવી જિલ્લા કચેરીઓ શરૂ કરવામાં આવી હતી. આ પ્રયાસો દ્વારા કૃષિ ક્ષેત્રમાં ધિરાણની જરૂરિયાતોને વધુ અસરકારક રીતે ઓળખી તેના આધારે ધિરાણના આયોજન અને અમલીકરણને વેગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કૃષિ ગ્રાઉન્ડ-લેવલ ક્રેડિટમાં સહકારી બેન્કોનો 9.3 ટકાનો હિસ્સો દર્શાવે છે કે દેશના કૃષિ ધિરાણ માળખામાં સહકારી બેન્કિંગ ક્ષેત્રનું મહત્વ યથાવત્ છે. ખાસ કરીને પાક ધિરાણના ક્ષેત્રમાં સહકારી બેન્કો ખેડૂતો સાથેના સ્થાનિક અને સીધા જોડાણને કારણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.



**સહકારી બેન્કોએ રૂા. 2.8 લાખ કરોડનું કૃષિ ધિરાણ વિતરણ કર્યું; કુલ રૂા. 30 લાખ કરોડના GLCમાં મહત્વપૂર્ણ યોગદાન**

નાણાકીય વર્ષ 2025-26ના આ આંકડાઓ સાથે કૃષિ ધિરાણ વ્યવસ્થામાં સંસ્થાકીય નાણાંની પહોંચને વધુ વ્યાપક બનાવવા, જિલ્લા સ્તરે ધિરાણ આયોજનને મજબૂત કરવા અને ખેડૂતોની જરૂરિયાતોને અનુરૂપ ધિરાણ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોને વધુ વેગ મળ્યો છે.

સહકાર

# જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

કાલાવડ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે કાલાવડ ખાતે ડી.કે. કપુરીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં છ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો તારીખ 07/09/2026 ને સોમવારથી શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા વિદ્યાર્થીઓને 6 દિવસ સુધી સહકારી પ્રવૃત્તિની વિવિધતા વિશેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ વર્ગમાં કુલ 46 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન જામનગર જિલ્લા સહકારી સંઘના સી. ઈ. આઈ શ્રી પ્રિયંક આર. મેઘનાથી દ્વારા કરવામાં આવેલું હતું.

તારીખ 12/09/2026ના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમમાં જામનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રીશ્રી વશરામભાઈ ચોવટીયા, જામનગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણી તેમજ કોલેજના પ્રોફેસરશ્રી ડો. શારદાબેન સંઘાણી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ઉપસ્થિત કોલેજના પ્રોફેસરશ્રી ડો. શારદાબેન સંઘાણી દ્વારા શાબ્દિક પ્રવચન કરી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત જામનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી, સહકાર ભારતીના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી વશરામભાઈ ચોવટીયાએ જિલ્લા સહકારી સંઘની વિવિધ પ્રવૃત્તિથી યુવાનોને માહિતગાર કરી જુદી જુદી સહકારી સંસ્થાઓ વિશેની કામગીરીથી વાકેફ કરેલ તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત સંચાલન જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ સહકારી શિક્ષણ ક્ષેત્રમાં જે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા 6 કેન્દ્રોમાં જે ડી.સી.એમ.કોર્ષ ચલાવવામાં આવે છે તેના વિશે માહિતગાર કરેલ અને ત્રિભુવન સહકારી યુનિવર્સિટી વિશે માહિતી આપેલ અને આ પૂર્ણાહુતિ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન સી. ઈ. આઈ. શ્રી પ્રિયંક આર. મેઘનાથી દ્વારા કરવામાં આવ્યું હતું.

# આણંદ જિલ્લા સહકારી સંઘની 23મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

આણંદ: આણંદ જિલ્લા સહકારી સંઘની 23મી વાર્ષિક સાધારણ સભા તારીખ 17-09-2026ના રોજ લાયન્સ ક્લબ હોલ નવા બસ સ્ટેન્ડ સામે, આણંદ મુકામે સંઘના અધ્યક્ષશ્રી રજનીકાન્ત પટેલના પ્રમુખપણા હેઠળ યોજાઈ હતી.

આ સાધારણ સભામાં જિલ્લા સહકારી સંઘના સિનિયર ઓફિસરશ્રી કલ્પેશભાઈ રબારીએ જિલ્લા સહકારી સંઘ દ્વારા સને 2025-26 દરમિયાન યોજાયેલ બેન્કિંગ ટ્રેઈનિંગ પ્રોગ્રામ, ક્રેડિટ સોસાયટી ટ્રેઈનિંગ પ્રોગ્રામ, તારાપુર તેમજ સોજીત્રા તાલુકામાં યોજાયેલ સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગ, કોલેજમાં યોજાયેલ યુવક સહકારી શિક્ષણ વર્ગ, ડેરી સેમિનારો, સામાન્ય સભા વર્ગ, વ્યવસ્થાપક કમિટી સભ્ય વર્ગો તથા અન્ય ખાસ પ્રકારના તેમજ વિશિષ્ટ પ્રકારના વર્ગોની સંપૂર્ણ વિગતવાર માહિતી આપી હતી.

સંઘની 23મી વાર્ષિક સાધારણ સભામાં અધ્યક્ષસ્થાનેથી શ્રી રજનીકાંન્ત પટેલે સભામાં એજન્ડા મુજબના કામો રજૂ કર્યા હતા. જ્યારે સંઘના સી.ઈ.ઓ. શ્રી કાર્તિકભાઈ પટેલે સંઘની હિસાબી માહિતી રજૂ કરી હતી. જેને સભામાં ઉપસ્થિત સર્વે સભાસદોએ સર્વાનુમતે તમામ કામોને અનુમોદન આપી મંજૂર કરેલ હતું.

સદર સભામાં આભારવિધિ ગુજરાત રાજ્ય સહકારી સંઘના આસિ. સી.ઈ.ઓ. અને છોટાલાલ વ્યાસ તાલીમ કેન્દ્ર, નડિયાદના આચાર્ય શ્રી શીતલભાઈ ભટ્ટે કરી. જ્યારે સમગ્ર સભાનું સંચાલન સંઘના સી.ઈ.આઈ. શ્રી હિતેશ રાઠોડે અને મહિલા સી.ઈ.આઈ. શ્રીમતી પિન્ટુબેન પટેલે કર્યું હતું. સંઘના 200 જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.




### ભારતમાં સહકારી ક્ષેત્રની... પાના નં. 4નું અનુસંધાન

પર ઓનબોર્ડ થઈ ચૂક્યાં છે. PACSને ERP આધારિત રાષ્ટ્રીય સોફ્ટવેર સાથે જોડવાથી હિસાબી વ્યવસ્થા, પારદર્શિતા, મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ, લોન વિતરણ અને સભ્યોને આપવામાં આવતી સેવાઓની કાર્યક્ષમતામાં વધારો થશે.

સહકાર મંત્રાલયના છ આધારસ્તંભો સંસ્થાકીય મજબૂતીકરણ સાથે ટેક્નોલોજી, બજાર વિસ્તરણ, સામાજિક સમાવેશ અને માનવ સંસાધન વિકાસને એકસાથે જોડે છે. સહકારી ક્ષેત્રના મજબૂત પાયા સાથે નવી પેઢીની તકો પર ધ્યાન કેન્દ્રિત કરીને આ અભિગમ સહકારી સંસ્થાઓને આધુનિક, વ્યાવસાયિક રીતે સંચાલિત, ટેક્નોલોજી આધારિત અને સભ્યલક્ષી સંસ્થાઓમાં પરિવર્તિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ઉપરાંત સ્વચ્છ ઊર્જા, સંગ્રહ, નિકાસ અને અન્ય ઉભરતા ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓ માટે ઊભી થતી નવી તકો દ્વારા સહકારી ક્ષેત્રને વધુ વૈવિધ્યસભર આર્થિક સંગઠન તરીકે વિકસાવવાની શક્યતાઓ વધી રહી છે. આ પહેલો સહકારી સંસ્થાઓને પરંપરાગત પ્રવૃત્તિઓની બહાર જઈને નવા બજારો અને વ્યવસાયિક ક્ષેત્રો સાથે જોડાવા માટે સક્ષમ બનાવશે.

### સહકાર સારથી ભારતના... પાના નં. 1નું અનુસંધાન

શકે છે અને મોટા પાયે સેવાઓના ઉપયોગથી ખર્ચમાં બચત સાથે કાર્યક્ષમતા, સેવા ગુણવત્તા અને ડિજિટલ ક્ષમતામાં વધારો કરવાનો હેતુ છે.

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન સહકાર સારથીએ વિવિધ ટેક્નોલોજી અને વ્યવસાયિક સહાય સેવાઓનું પાઈલટિંગ કર્યું હતું. તેમાં Generative AI Bots, 'Bank.in' ડોમેન પર બેન્કોનું સ્થળાંતર, કલેક્શન સપોર્ટ અને સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ ક્રેડિટ પ્લેટફોર્મ જેવી સેવાઓનો સમાવેશ થાય છે. વ્યવસાય વિકાસ ક્ષેત્રની એક મહત્વપૂર્ણ પહેલ તરીકે આશરે 23,000 ગ્રાહકોમાંથી ₹191 કરોડની વાહન લોન માટેના Cross-sell Leads પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત પાઈલટ ધોરણે શરૂ કરાયેલા કલેક્શન કોલ સેન્ટર દ્વારા ₹2.91 કરોડની વસૂલાત કરવામાં આવી હતી. જ્યારે સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ ક્રેડિટ પ્લેટફોર્મ ચાર ગ્રામીણ સહકારી બેન્કોમાં કાર્યરત કરવામાં આવ્યું છે.

સહકાર સારથીની કામગીરીમાં 'Bank.in' ડોમેન પર સ્થળાંતર વિશેષ મહત્વ ધરાવે છે. આ ડોમેનનો હેતુ ગ્રાહકોને તેઓ જે બેન્કિંગ વેબસાઈટનો ઉપયોગ કરી રહ્યા છે તે અધિકૃત અને અસલી બેન્કિંગ વેબસાઈટ છે તેની વધુ ખાતરી પૂરી પાડવાનો છે. સહકાર મંત્રાલયે ડોમેન સ્થળાંતર, સાયબર સુરક્ષા અને IT ગવર્નન્સને સહકાર સારથીની મુખ્ય સેવાઓમાં સ્થાન આપ્યું છે. આ ઉપરાંત સહકાર સારથીની મુખ્ય સેવાઓમાં ડોમેન માઈગ્રેશન સાથે સાયબર સુરક્ષા, IT ગવર્નન્સ, કોમન કોર બેન્કિંગ સોલ્યુશન, UPI અને AePS જેવી ડિજિટલ પેમેન્ટ સેવાઓ તેમજ તાલીમ અને ક્ષમતાવર્ધનનો સમાવેશ થાય છે.

સહકાર સારથીનું નેટવર્ક ઝડપથી વિસ્તરી રહ્યું છે અને તેની વેબસાઈટ અનુસાર હાલમાં 385થી વધુ ગ્રામીણ સહકારી બેંકો જોડાયેલી છે, જે આશરે 13 કરોડ ગ્રાહકોને લગભગ 15,800 શાખાઓ મારફતે સેવા આપે છે. શેરડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા બેંકોને ટેક્નોલોજી સેવાઓ ઉપલબ્ધ કરાવીને ટેક્નોલોજી માલિકીનો કુલ ખર્ચ ઘટાડવા માટે "પિક એઝ યુ ગ્રો, પે એઝ યુ ગો" મોડલ અપનાવવામાં આવ્યું છે. જેમાં બેન્કો પોતાની જરૂરિયાત અને વૃદ્ધિ અનુસાર જરૂરી સેવાઓ પસંદ કરી શકે છે.

સહકાર સારથીનો ભાવિ રોડમેપ માત્ર બેન્કોના ડિજિટલાઈઝેશન પુરતો મર્યાદિત નથી. તેમાં શેરડ સાયબર સુરક્ષા ઓપરેશન્સ, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પેમેન્ટ રેલ્સ, મિડલવેર, અપગ્રેડેડ કોર બેન્કિંગ સિસ્ટમ સપોર્ટ, વિવિધ કોમન ડિજિટલ પ્લેટફોર્મ અને અન્ય કોમન ટેક્નોલોજી સેવાઓનો સમાવેશ થાય છે.

આ પહેલનો વ્યાપક ઉદ્દેશ ગ્રામીણ સહકારી બેંકોને વધતા ડિજિટલ બેન્કિંગ વાતાવરણમાં સ્પર્ધા કરવા સક્ષમ બનાવવાનો છે, જેથી દરેક બેંકને અલગથી ખર્ચાળ ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની જરૂર ન રહે. અને સામાન્ય ડિજિટલ માળખાનો લાભ મળી શકે તે માટે સહકાર સારથી એક સુરક્ષિત, માપનીય અને ઓછા ખર્ચે ટેક્નોલોજી ઈકોસિસ્ટમ વિકસાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

નાબાર્ડે સહકાર સારથીને ગ્રામીણ સહકારી બેન્કિંગ ક્ષેત્ર માટે સુરક્ષિત, વિસ્તરણક્ષમ અને ઓછા ખર્ચે ટેક્નોલોજી ઈકોસિસ્ટમ ઊભું કરવાના વ્યૂહાત્મક પ્રયાસ તરીકે ગણાવ્યો છે. મૂડી એકત્ર કરવાની કામગીરી, વિસ્તરતું બેંક નેટવર્ક અને પાયલટ પ્રોજેક્ટ્સથી મળેલા પ્રારંભિક બિઝનેસ તથા વસૂલાતના પરિણામોને કારણે સહકાર સારથી ભારતના ગ્રામીણ સહકારી બેન્કિંગ ક્ષેત્ર માટે એક કોમન ડિજિટલ બેકબોન તરીકે પોતાની ભૂમિકા ભજવી રહ્યું છે. આ પહેલથી ગ્રામીણ સહકારી બેન્કોને આધુનિક ટેક્નોલોજી, સાયબર સુરક્ષા, ડિજિટલ પેમેન્ટ્સ, ડિજિટલ ક્રેડિટ અને વ્યાવસાયિક સેવાઓનો લાભ વધુ સુલભ અને ઓછા ખર્ચે મળી શકે તેવી સંભાવના ઊભી થઈ છે. પરિણામે ગ્રામીણ સહકારી બેન્કિંગ ક્ષેત્રની ડિજિટલ ક્ષમતા, સેવા ગુણવત્તા, કાર્યક્ષમતા અને ટેક્નોલોજી આધારિત સ્પર્ધાત્મકતાને વધુ મજબૂત બનાવવામાં સહકાર સારથીની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહી છે.

### શિક્ષિત યુવા મહિલાઓએ... પાના નં. 4નું અનુસંધાન

સામાજિક રીતે સક્ષમ કરતું સહકારી ક્ષેત્ર રોજગારી માટે મોટું ક્ષેત્ર છે, કોલેજના વર્ષો કેરિયરના વર્ષો હોય છે. ડિગ્રી મેળવ્યા પછી શું કરવું તે સૌથી મોટો પ્રશ્ન છે, બધી જ શિક્ષિત વિદ્યાર્થિનીઓને નોકરી મળતી નથી ત્યારે તેમણે સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયને રોજગારીના નવા દ્વાર ખોલવા જોઈએ. સહકારી પ્રવૃત્તિમાં તમે માલિક બનો છો. એટલે સહકારી પ્રવૃત્તિ વિશે સંપૂર્ણ જ્ઞાન મેળવી, તેને સમજી, વિચારીને વિદ્યાર્થિનીઓએ ભેગી મળી સહકારી મંડળીની રચના કરી આર્થિક ઉપાર્જન કરવું જોઈએ. વધુમાં વધુ શિક્ષિત યુવા મહિલાઓએ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાઈને સહકારથી સમૃદ્ધિના સૂત્રને સાર્થક કરવું જોઈએ.

"કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" યુવા મહિલા સહકારી સેમિનાર – 2026ની પુસ્તિકા "સહકાર સંગાથ"નું વિમોચન મુખ્ય મહેમાન નેશનલ એગ્રીકલ્ચર અને રૂરલ ડેવલોપમેન્ટ બેન્ક્સ ફેડરેશન,( નાફકાર્ડ) નવી દિલ્હી અને ખેતી બેન્કના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા એ કર્યું હતું.

સહકારી પ્રવૃત્તિના સાંપ્રત પ્રવાહો અને સહકારી ક્ષેત્રના અનુભવો વ્યક્ત કરી અતિથિ વિશેષ સ્થાનેથી નેશનલ ફેડરેશન ઓફ અર્બન બેન્ક એન્ડ ફેડરેશન સોસાયટી લિ, ન્યૂ દિલ્હીના વાઈસ ચેરમેન શ્રી મિલિંદ કાલેજીએ જણાવ્યું હતું કે, સહકાર એ આપણી સંસ્કૃતિ છે. સહકારથી જીવન બદલી શકાય છે. ગુજરાતમાં યુવા મહિલાઓના ભવિષ્યનો રસ્તો સહકારી ક્ષેત્રે મળી રહે તે માટે મારા મેન્ટર શ્રી ઘનશ્યામભાઈ અમીનને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ત્યારે સહકારી ક્ષેત્રે જોડાઈને તમારા જીવનને સમૃદ્ધ બનાવજો.

અતિથિ વિશેષ સ્થાનેથી રાષ્ટ્રની સાંપ્રત સહકારી પ્રવૃત્તિ અંગે માહિતી અને માર્ગદર્શન આપતાં એનસીયુઆઈ, ન્યૂ દિલ્હીના આસિસ્ટંટ ડાયરેક્ટરશ્રી ઈન્દ્રપ્રિત કૌર એ જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિને સક્ષમ અને ટેક્નોલોજીથી આધુનિક બનાવવામાં આવી રહી છે. આ પરિવર્તનમાં ગામ અને ટેકનોલોજીને સમજનાર યુવાનોની સહકારી ક્ષેત્રે ખૂબ જરૂર છે. શ્રી ઘનશ્યામભાઈ અમીન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકારી ક્ષેત્રે યુવા મહિલાઓને જોડવા માટે કરવામાં આવતાં પ્રયત્નો અભિનંદને પાત્ર છે.

સેમિનારમાં રાજ્ય સહકારી સંઘની મહિલા સમિતિના ચેરપર્સનશ્રી ભાવનાબહેન જાડેજાએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં સહકારથી સમૃદ્ધિના સૂત્ર અને સહકારી ક્ષેત્રે રહેલ રોજગારીની તકો અંગે સમજ આપી સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ ઉપસ્થિત સૌ મહેમાનોનીં આભાર વિધિ કરી હતી.

યુવા મહિલા સહકારી સેમિનારમાં સેવા ફેડરેશનના એમડી શ્રી જિગીષાબહેન મહેતાએ સેવાની વિવિધ સહકારી મંડળીઓ અંગે માહિતી આપી સહકારી મંડળી એટલે શું ? મંડળીના ફાયદાઓ, વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ વગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું. સહકારથી સમૃદ્ધિ અને દૂધ ડેરી દ્વારા આર્થિક વિકાસ અંગે બનાસ ડેરીના ઝોનલ અધિકારીશ્રી રક્ષાબેન ચૌધરીએ, નેતૃત્વ વિકાસ અંગે સાબર ડેરીના શિક્ષણ ઈન્ચાર્જ શ્રી નીરુબેન પટેલે, પ્રોટેક્શન ઓફ વુમન ફોર ડોમેસ્ટિક વાયોલેન્સ અંગે શ્રી મનિષાબેન પંડ્યાએ, રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણની કામગીરી અંગે રાજ્ય સહકારી સંઘના અધિકારીશ્રી દિપશીખા ઠાકુરે, તેમ જ વિદ્યાર્થિનીઓમાં છૂપાયેલી શક્તિઓ ઉજાગર કરી સફળતા મેળવવા માટે અભિપ્રેરિત માર્ગદર્શન મોટી વેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલે આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજ્ય સહકારી સંઘના સહકારી શિક્ષણ કન્સલટન્ટ શ્રી વી.એમ.ચૌધરીએ કર્યું હતું. રાજ્યની વિવિધ 80 જેટલી કોલેજોમાંથી 1100 જેટલી વિદ્યાર્થિનીઓ ઉપસ્થિતિ રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

### ગુજરાતમાં 63.35... પાના નં. 4નું અનુસંધાન

કરાઈ રહ્યો છે. ખેડૂતની પાત્રતા, જમીનનું કદ અને વાવેતર સંબંધિત માહિતીના આધારે સહાય અને અન્ય કૃષિ સેવાઓ લક્ષિત કરી શકાશે. સાથે જ ક્રોપ સર્વે, બિયારણ, ખાતર જેવા કૃષિ ઈનપુટ્સ, સરકારી ખરીદી વ્યવસ્થા તેમજ ધિરાણ સેવાઓ પણ જોડાશે. જેથી વિવિધ સરકારી સેવાઓ માટે ખેડૂતોને વારંવાર અલગ- અલગ જગ્યાએ માહિતી કે દસ્તાવેજો રજૂ કરવાની મથામણ રહેશે નહીં. જોકે સમગ્ર વ્યવસ્થાની અસરકારતા માટે ડેટાની ચોક્કસાઈ, સમયસર અપડેટ અને ખેડૂતોની માહિતીની સુરક્ષા પણ એટલી જ મહત્વની રહેશે.

### નિકાસ ક્ષેત્રમાં વિસ્તરણની... પાના નં. 1નું અનુસંધાન

બજારોમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવી છે. સંસ્થાએ જર્મની, મોરોક્કો, સ્પેન, UAE અને હોંગકોંગમાં યોજાયેલા વેપાર સંવાદો તથા પ્રતિનિધિમંડળોમાં ભાગ લઈ વિદેશી ગ્રાહકો તથા સંસ્થાકીય હિતધારકો સાથે સીધો સંપર્ક સ્થાપિત કર્યો છે.

NCELએ મહત્વપૂર્ણ પહેલ તરીકે સમર્પિત મરીન ડિવિઝનની સ્થાપના કરી છે. આ ડિવિઝને પ્રથમ જ વર્ષમાં મર્ચન્ટ એક્સપોર્ટ માટે એન્ડ-ટુ-એન્ડ ક્ષમતા વિકસાવી છે. ડિવિઝન દ્વારા સીધી પાયાના સ્તરની ખરીદીની વ્યવસ્થા ગોઠવી આશરે 1,000 ખેડૂતોનું સપ્લાયર નેટવર્ક ઊભું કર્યું છે. ખેડૂતોને પારદર્શક અને સમયસર ચૂકવણી મળી રહે તે માટે તે જ દિવસે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

દેશની સ્થાનિક સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવા, વ્યવસ્થિત ખરીદી, ગુણવત્તાનાં ધોરણો નિર્ધારિત કરવા અને સહકારી ક્લસ્ટરોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે NCELએ 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સ્ટેટ નોડલ એજન્સીઓ સાથે MoU કર્યા છે. ગુણવત્તા ખાતરી, બજાર સુધી પહોંચ અને નિકાસ માટેની તૈયારીને વધુ મજબૂત બનાવવા APEDA અને MPEDA સાથેનો સહયોગ પણ વિસ્તૃત કરવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન NCELના સભ્યોની સંખ્યા 10,276થી વધીને 17,066 થઈ છે, જે આશરે 66 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. બોર્ડ દ્વારા મંજૂર સભ્યોની સંખ્યા પણ 9,865થી વધીને 16,907 થઈ છે. નોંધપાત્ર વધારા સાથે સંસ્થાની પેઈડ-અપ મૂડી રૂ. 58.09 કરોડથી વધીને રૂ. 150.92 કરોડ થઈ છે.

સહકારી ઉત્પાદનો માટે મજબૂત બ્રાન્ડ ઓળખ અને ડિજિટલ ઈકોસિસ્ટમ વિકસાવવા NCEL દ્વારા BharatCoop, Savidya.coop અને Coop Marque Bharat જેવી પહેલો હાથ ધરવામાં આવી રહી છે. આ પહેલો દ્વારા સહકારી ક્ષેત્રના ઉત્પાદનોને વધુ સંગઠિત રીતે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

AGM દરમિયાન બજારોમાં વૈવિધ્ય, ખર્ચની સ્પર્ધાત્મકતા, ટ્રેસેબિલિટી, ગુણવત્તા ખાતરી અને ખેડૂતો તથા સહકારી સભ્યોને તેમના ઉત્પાદનોનું વધુ સારું મૂલ્ય મળે તે બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આગામી સમયમાં NCEL દ્વારા આંતરરાષ્ટ્રીય ટ્રેડ હબ અને ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરો વિકસાવવાની યોજના છે. આ ઉપરાંત વિદેશોમાં વેરહાઉસિંગ અને લોજિસ્ટિક્સ સુવિધાઓને મજબૂત બનાવવી, BharatCoop ઉત્પાદનોને પ્રીમિયમ બ્રાન્ડ તરીકે વિકસાવવાં તથા ખેતરથી વૈશ્વિક બજાર સુધીની સમગ્ર સપ્લાય ચેઈનને વધુ ડિજિટલ બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે. NCEL સહકારી ક્ષેત્રના ઉત્પાદનોને વૈશ્વિક બજારો સાથે જોડીને ભારતના સહકારી નિકાસ તંત્રને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે.

### શિક્ષિત યુવાનોએ સહકારી... પાના નં. 1નું અનુસંધાન

અંગે સમજ આપી જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિ ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ છે. આજના યુવાનો માટે સહકારી ક્ષેત્રની જાણકારી જરૂરી છે. તેઓ સહકારી પ્રવૃત્તિ અંગે જાણે તે માટે રાજ્ય સહકારી સંઘ આવા યુવા સહકારી સેમિનારોનું આયોજન કરે છે. સહકારી પ્રવૃત્તિના વ્યાપ અને મહત્ત્વને સમજાવતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિ વિશ્વના 120 કરતાં વધુ દેશોમાં 30 લાખથી વધુ સહકારી સંસ્થાઓ છે, તેની સાથે 100 કરોડથી વધુ લોકો જોડાયેલા છે. તેજ રીતે આપણા દેશમાં 8.5 લાખથી વધુ સહકારી સંસ્થાઓ જુદા જુદા 30 જેટલા ક્ષેત્રોમાં નોંધાયેલ છે. સહકારી ક્ષેત્ર સાથે લગભગ 32 કરોડ સભ્યો જોડાયેલા છે. આપણા રાજ્યમાં 92 હજાર કરતા વધારે સહકારી મંડળીઓ છે. તેની સાથે 1 કરોડ 30 લાખ જેટલા લોકો જોડાયેલા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ બાબતને ધ્યાનમાં રાખી વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવા માટે 'સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર આપ્યું છે. એટલે તેમણે સહકારી ક્ષેત્ર ઉપર વિશ્વાસ મૂક્યો છે કે, રાષ્ટ્ર સમૃદ્ધ અને આત્મનિર્ભર સહકારી પ્રવૃત્તિથી બની શકશે. આથી 75 વર્ષ પછી દેશમાં સહકાર મંત્રાલયની રચના કરી તેની જવાબદારી સહકારના જાણકાર શ્રી અમિતભાઈ શાહને સોંપી છે.

વિવિધ સફળ સહકારી સંસ્થાઓના ઉદાહરણ આપી કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રે જોડાવા અપીલ કરતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, સહકારની ખૂબ મોટી તાકાત છે. લાખો રોજગારી સહકારી ક્ષેત્ર પૂરી પાડે છે. નાના મધ્યમ વર્ગના લોકોને આર્થિક અને સામાજિક રીતે સક્ષમ કરતું સહકારી ક્ષેત્ર રોજગારી માટે મોટું ક્ષેત્ર છે, કોલેજના વર્ષો કેરિયરના વર્ષો હોય છે. બધાને નોકરી મળતી નથી. ત્યારે નાસીપાસ થવાની જરૂર નથી. સહકારી ક્ષેત્રે ટેક્નોલોજીની જરૂર છે. યુવાનો પાસે ટેક્નોલોજીની સમજ અને જ્ઞાન છે. ત્યારે તેમની પાસે રહેલી ટેક્નોલોજીની સ્કિલ દ્વારા સહકારી ક્ષેત્રે સ્ટાર્ટઅપ શરૂ કરે. સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયને રોજગારીના નવા દ્વારા ખોલી સહકારી પ્રવૃત્તિને આગળ વધારે તે ખૂબ જરૂરી છે.

"કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" યુવા સહકારી સેમિનાર – 2026 પુસ્તિકા "યુવા સંકલ્પ"નું વિમોચન સંયોજકશ્રી સહકાર સેલ – ગુજરાત અને ગુજકોમાસોલના વાઈસ ચેરમેન શ્રી બિપિનભાઈ પટેલે કરી સહકારનું મહત્વ સમજાવી જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા લાવવા 'સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર આપ્યું છે. સહકાર મંત્રાલયની રચના કરી તેની જવાબદારી સહકારના જાણકાર શ્રી અમિતભાઈ શાહને સોંપી છે. સહકારથી સમૃદ્ધિના વિઝનને સાકાર કરવા ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલય સહકારી પ્રવૃતિમાં જે ખામીઓ છે તેને દૂર કરી છે. સહકારી પ્રવૃત્તિમાં નવો સંચાર કર્યો છે. રાષ્ટ્રીય સહકાર નીતિ-2025 દ્વારા મહત્વના અને વ્યાપક વિવિધ 150 જેટલી મહત્ત્વપૂર્ણ પહેલો અમલમાં મૂકી છે. પાંચ વર્ષમાં કૃષિ ક્ષેત્રે ત્રણ એપેક્ષ સંસ્થાઓ એનસીઈએલ, એનસીઓએલ અને બીબીએસએસએલની રચના કરી છે. સહકારથી સમૃદ્ધિને વેગ આપવાનું કામ સહકારી સંસ્થાઓ દ્વારા થઈ રહ્યું છે.

મુખ્ય મહેમાન સ્થાનેથી સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેશન ટ્રીબ્યુનલ, અમદાવાદના એચ.ઓ.ડી. શ્રી જયેશભાઈ ભૈરવીયાએ કાયદાકીય જ્ઞાનના મહત્વને સમજાવી જણાવ્યું હતું કે, શ્રી ઘનશ્યામભાઈ અમીને ગાંધીનગર અને સુરતમાં સિદ્ધાર્થ લો કોલેજની રચના કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. સહકારની વાત જોઈએ તો, બંધુત્વની ભાવના સહકારથી આવશે. સહકારથી સાથે મળી ચાલીશું તો મોટી સફળતા મળશે.

અતિથિ વિશેષ સ્થાનેથી જાણિતા પત્રકાર અને નવગુજરાત સમય અને અમદાવાદ મિરરના ગ્રૂપ એડિટરશ્રી અજયભાઈ ઉમટે સ્વામી વિવેકાનંદ, વિક્રમ સારાભાઈ, અબ્દુલ કલામ, સીકે પ્રધાન વગેરે મહાનુભાવોના પ્રસંગો યાદ કરી જણાવ્યું હતું કે, એકવીસમી સદી ભારતની છે. દુનિયાનો બેસ્ટ અને યુવા વર્કફોર્સ ભારત પાસે છે. આ યુવાનોને યોગ્ય સંસ્કાર, તાલીમ અને માર્ગદર્શનની જરૂર છે. શ્રી ઘનશ્યામભાઈ અમીન આવનારી પેઢી તરફ જૂએ છે. કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. જે અભિનંદનને પાત્ર છે. સહકારી ક્ષેત્રે જોડાઈને તમારા જીવનને સમૃદ્ધ બનાવજો.

અતિથિ વિશેષ સ્થાનેથી રાષ્ટ્રની સાંપ્રત સહકારી પ્રવૃત્તિ અંગે માહિતી અને માર્ગદર્શન આપતાં એનસીયુઆઈ, ન્યૂ દિલ્હીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરશ્રી ડૉ. રિતેષ ડે એ જણાવ્યું હતું કે, શ્રી ઘનશ્યામભાઈ અમીન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકારી ક્ષેત્રે યુવાનોને જોડવા માટે કરવામાં આવતાં પ્રયત્નો અભિનંદનને પાત્ર છે. વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે યુવાનો સહકારી ક્ષેત્ર સાથે જોડાય તે ખૂબ જરૂરી છે.

આ સેમિનારમાં અતિથિ વિશેષ સ્થાને સહકાર ભારતી, ગુજરાત પ્રદેશના મંત્રીશ્રી જલ્પાબેન જૈન ઉપસ્થિત રહ્યાં હતાં.

સેમિનારમાં રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ રાજેન્દ્ર ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં સહકારથી સમૃદ્ધિના સૂત્રની સાર્થકતા અને સહકારી ક્ષેત્રે રહેલ રોજગારીની તકો અંગે સમજ આપી શાબ્દિક સ્વાગત કર્યું હતું.

રાજ્ય સહકારી સંઘના સહકારી શિક્ષણ કન્સલટન્ટ ડૉ. વી.એમ. ચૌધરીએ સહકારથી સમૃદ્ધિ અને દૂધ ડેરી દ્વારા આર્થિક વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ ઉપસ્થિત સૌ મહેમાનોની આભાર વિધિ કરી હતી.

યુવા મહિલા સહકારી સેમિનારમાં સાયબર ફ્રોડ અને અવેરનેશ અંગે સાયબર એક્ષ્પર્ટ શ્રી ક્રિષ્ના શર્માએ અને વિદ્યાર્થીઓમાં છૂપાયેલી વિવિધ શક્તિઓ ઉજાગર કરી સફળતા મેળવવા માટે અભિપ્રેરિત માર્ગદર્શન મોટી વેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલે આપ્યું હતું. રાજ્યની વિવિધ 80 જેટલી કોલેજોમાંથી 1000 જેટલા વિદ્યાર્થીઓએ ઉપસ્થિતિ રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

# ગુજરાત રાજ્ય સહકારી સંઘ

## ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M.)

**તમારી કારકિર્દીને ઉજ્જવળ બનાવો**

**સહકારી મંડળીઓ/સંસ્થાઓના કર્મચારીઓ/કોલેજમાં અભ્યાસ કરતી યુવા પેઢી માટે શ્રેષ્ઠ તક...**

નવરચિત સહકાર મંત્રાલય દ્વારા 2 લાખ પેક્સ (PACS) મંડળીઓની રચના કરવામાં આવનાર છે ત્યારે આ મંડળીઓના કામકાજ માટે વિશાળ સંખ્યામાં તજજ્ઞો-કર્મચારીઓની જરૂરિયાત ઊભી થશે.

નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઇન્ડિયા અને નેશનલ કાઉન્સિલ ઓફ કો-ઓપરેટિવ ટ્રેઇનિંગ ની માન્યતા ધરાવતો ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ તાલીમનો કોર્સ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા તમારી નજીકમાં શરૂ થઈ રહ્યો છે.

**તો આજે જ ડી.સી.એમ. કોર્સમાં જોડાઓ જો... જો.... મોડું ના કરતાં.....**

કોર્સની વધુ માહિતી નીચે મુજબ છે...
સદર કોર્સમાં સહકારના નીચે મુજબના વિષયો ભણાવવામાં આવે છે
(1) સહકાર (2) ધંધાકીય વિકાસ આયોજન (બી.ડી.પી.) (3) નાણાંકીય હિસાબો અને ઓડિટ (4) કોમ્પ્યુટર સંચાલકીય પાસાંઓ (5) સહકારી સંચાલન-વ્યવસ્થાપન (6) સહકારી મંડળીઓના કાયદાકીય પાસાંઓ (7) સહકારી ધિરાણ અને બેન્કિંગ
આ સાત વિષયો શીખવવામાં આવે છે.

**કોર્સનું નામ : ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M) કોર્સ**

મુદત : 5 મહિના
લાયકાત : ધોરણ 12 પાસ
ઉંમર : 18 વર્ષ

**શરૂઆત તારીખ : 12 ઓક્ટોબર, 2026થી તા. 1 માર્ચ, 2027**
**ઓનલાઇન / ઓફલાઇન વર્ગો**

તમારું ભવિષ્ય તૈયાર છે. આપ તૈયાર છો ? DCM દ્વારા સહકારમાં સફળ કારકિર્દી તરફ પહેલું પગથિયું!
એડમિશન માટે આજે જ તમારા નજીકનાં વિસ્તારમાં આવેલ અમારા કેન્દ્રની મુલાકાત લો...

| ક્રમ | વ્યવસ્થાપન કેન્દ્રનું નામ | આચાર્યનું નામ અને ફોન નંબર |
|---|---|---|
| 1. | શ્રી દયાળજીભાઈ ગો.પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજ ચાર રસ્તા, જિ.સુરત | શ્રી સુધીરભાઈ દવે 9879023623 |
| 2. | શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, સહકારી વિદ્યાભવન, મિશન રોડ, નડિયાદ, જિ.ખેડા | શ્રી શીતલભાઈ ભટ્ટ 9879925594 |
| 3. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, શ્રીનગર સોસાયટી, સુખાપરા, જિ.મહેસાણા | શ્રી અલ્પેશભાઈ રાવલ 9427385386 |
| 4. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, જિલ્લા સહકારી સંઘ "સહકાર ત્રિવેણી' 29/38, કરણપરા, બસ સ્ટેન્ડ પાછળ, જિ. રાજકોટ | શ્રી શૈલેષભાઈ મેરજા 9428158740 |
| 5. | શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મુ.પો.નારી, વાયા-ચિત્રા, તા.જિ.ભાવનગર | શ્રી દિપકભાઈ રાવલ 9427728225 |
| 6. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, ચોથે માળ, સહયોગ બિલ્ડિંગ, જ્યોતિસંઘ પાછળ, રિલીફ રોડ, જિ.અમદાવાદ | શ્રી રોનકભાઈ પટેલ 9426040841 |


# ભારત દુનિયામાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામી રહેલું મોટું અર્થતંત્ર છે : નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમણ

નવી દિલ્હી : નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમણે કેનેડિયન કંપનીઓને ભારતમાં રોકાણ માટે આમંત્રણ આપતાં કહ્યું કે, ભારત આજે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે, જે સ્કેલ, સતત વૃદ્ધિ, યુવા વસ્તી, વપરાશમાં વૃદ્ધિ અને ઝડપથી ઉભરતા ગહન મૂડી બજારોનું સંયોજન છે.

ટોરોન્ટોમાં આયોજિત ભારતીય બિઝનેસ કોમ્યુનિટીના અગ્રણી સભ્યોને સંબોધિત કરતાં શ્રી સીતારમણે નિવેદન આપ્યું હતું કે, લાંબાગાળાનો રોકાણ દ્રષ્ટિકોણ ધરાવતા કેનેડિયન રોકાણકારો ભારતમાં સ્કેલ, ટકાઉ ગ્રોથ, યુવા વસ્તી અને વિસ્તરતી માગ તથા ગહન મૂડી બજારોની ઝડપી વૃદ્ધિના સંયોજનનો લાભ લઈ શકે છે.

વધુમાં કહ્યું કે, ભારતનું પરિવર્તન માળખાકીય છે, જે ઝડપી શહેરીકરણ, વધતા મધ્યમ વર્ગ અને વિશ્વ-સ્તરીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સંચાલિત છે, જે અર્થતંત્રના લગભગ દરેક ક્ષેત્રમાં નવી તકો ઊભી કરી રહ્યું છે.

નાણામંત્રીએ નાણાકીય અને વ્યાપારી



સેવાઓની પહોંચમાં પરિવર્તન લાવવામાં ભારતના ડિજિટલ ઇકોસિસ્ટમની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. દેશના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે નાણાકીય અને વ્યાપારી સેવાઓની પહોંચને વિસ્તૃત કરતી વખતે થતાં કાર્યકારી ખર્ચમાં નોંધનીય ઘટાડો કર્યો છે. ટ્રાન્જેક્શન વોલ્યુમમાં યુપીઆઈ વિશ્વની ટોચની રિઅલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ છે. જે નાણાકીય સમાવેશન, અસરકારકતા અને ઈનોવેશનનું મહત્ત્વનું સાધન બન્યું છે.

કેનેડિયન બેન્કો, ફિનટેક કંપનીઓ અને નિયમનકારો સાથે સહયોગ માટે અહીં નોંધપાત્ર તકો છે – ફક્ત ચૂકવણીમાં જ નહીં, પરંતુ ડિજિટલ નાણાકીય માળખાગત સુવિધાની આગામી પેઢીને આકાર આપવામાં પણ તે ઉપયોગી છે.

ભારત-કેનેડાની વધતી જતી આર્થિક ભાગીદારી પર પ્રકાશ પાડતા શ્રી સીતારમણે કહ્યું કે, કેનેડામાં ભારતીય ડાયસ્પોરા બંને દેશો વચ્ચે એક વ્યૂહાત્મક સેતુ છે. આ એક એવો સમુદાય છે જે કેનેડિયન બોર્ડરૂમની અંદર, બે સ્ટ્રીટના ટ્રેડિંગ ફ્લોર પર, પેન્શન ફંડની જોખમ સમિતિઓની અંદર બેસે છે

**પ્રકૃતિ અને પર્યાવરણના જતન સાથે**

# પ્રાકૃતિક ખેતી માનવ જીવનના જતન માટે પણ જરૂરી છે

વડાલી : સાબરકાંઠાના વડાલી ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રજત જયંતી તેમજ સહકારી જીનની સુવર્ણ જયંતીની ઉજવણી કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. પાંચ દાયકાથી કૃષિ અને સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલી સંસ્થાઓની આ ગૌરવપૂર્ણ ઉજવણીમાં ખેડૂતો, વેપારીઓ, સહકારી અગ્રણીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, 50 વર્ષ પહેલાં વડવાઓએ ખેડૂતોના હિતનો વિચાર કરીને સહકારી જીન જેવી સંસ્થા ઊભી કરી હતી અને ત્યારબાદ એ. પી. એમ. સી.ની વ્યવસ્થાએ ખેડૂતોને પોતાની કૃષિ પેદાશોના વ્યવસ્થિત બજાર માટે મજબૂત માળખું પૂરું પાડ્યું છે. આ સંસ્થાઓની વર્ષગાંઠ માત્ર ઉજવણીનો પ્રસંગ નથી, પરંતુ ખેડૂતોના હિત માટે થયેલા સામૂહિક પ્રયાસો અને સેવાભાવને યાદ કરવાનો અવસર છે.





મંત્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, જમીનની ફળદ્રુપતા જાળવવા અને કૃષિને વધુ ટકાઉ બનાવવા પ્રાકૃતિક ખેતી મહત્વપૂર્ણ બની રહી છે. ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડના આધારે જમીનની જરૂરિયાત સમજી યોગ્ય પાક અને ખાતર વ્યવસ્થાપન અપનાવે તે જરૂરી છે. તેમણે કૃષિમાં આધુનિક અને ડિજિટલ ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરવા પણ ભાર મૂક્યો હતો.

**સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત (બારડોલી)ના ઉપક્રમે**

# નાગરિક સહકારી બેન્કોના ઓફિસરો અને ક્લાર્ક કેડરના કર્મચારીઓ માટે તાલીમવર્ગ યોજાયા

સૂરતઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ યોજના અંતર્ગત સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)ના ઉપક્રમે સૂરત શહેર, સૂરત-તાપી જિલ્લાની નાગરિક સહકારી બેન્કોના ક્લાર્ક કેડરના કર્મચારીઓનો તાલીમવર્ગ તારીખ 07-09-2026 થી તારીખ 12-09-2026 દરમિયાન અને તારીખ 14-09-2026 થી તારીખ 19-09-2026 દરમિયાન સહકારી બેન્કના ઓફિસરોનો તાલીમવર્ગ સ્કોબા, એસ. પી. વી. ભવન, પ્રાઈમ બેન્કિંગ ટ્રેઇનિંગ સેન્ટર, બીજો માળ, રૂ ભવન સૂરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેન્કની ઉપર, આયુર્વેદિક કોલેજની નજીક, લાલ દરવાજા, સ્ટેશન રોડ, સૂરત યોજાયો હતો.

આ બંને તાલીમવર્ગનું ઉદઘાટન સૂરત જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી શ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ લોઠીયા, સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી ભાવેશભાઈ પટેલે કર્યું હતું.

સંઘના માનદમંત્રીશ્રી રમણભાઈ અંબેલાલ પટેલ દ્વારા સૂરત જિલ્લામાં નાગરિક સહકારી બેન્કો ખૂબ સારા પ્રમાણમાં ચાલી રહી છે. પ્રાઈવેટ બેન્કો સહકારી બેન્કો અને અન્ય ફાઈનાન્સ કરતી સંસ્થાઓ સામેની હરીફાઈમાં ટકવા અને મજબૂત થવા માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવો અને સેવાઓ પૂરી પાડવા આપણે સૌએ પણ સજાગ રહેવું પડશે. અંતે તાલીમનું મહત્વ સમજાવવા તાલીમાર્થીઓને નાગરિક સહકારી બેન્કોનો વિકાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ક્લાર્ક કેડરના તાલીમવર્ગમાં ધી સૂરત પીપલ્સ કો-ઓપરેટિવ બેન્કના એમ.ડી-સી.ઈ.ઓ. શ્રી કલ્પેશભાઈ શાહે લોન એન્ડ એડવાન્સીસ ડોક્યુમેન્ટેશન, શ્રી ગોપાળભાઈ ધકાણે આર. બી. આઈ.ના પરિપત્રો (ક્લાર્ક લેવલે), શ્રી કાનજીભાઈ ભાલાળાએ બેન્કિંગ ક્ષેત્રના પરિવર્તનો અને પડકારો, શ્રી ધવલભાઈ પટેલ સાયબર સિક્યોરિટી, શ્રી જે. જે. શાહે



કો-ઓપરેટિવ એક્ટ 1961 રજિસ્ટ્રારની સત્તાઓ, શ્રી ડો. પી. આર. પાંડેએ બેન્ક દ્વારા રૂરલ ઈન્ફ્લુજન અને નાણાકીય સમાવેશ જેવા વિષયો ઉપર મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ઓફિસરોના સેમિનારમાં ધી વરાછા કો-ઓપ. બેન્કના જનરલ મેનેજરશ્રી વિઠ્ઠલભાઈ ધાનાણીએ ડિપોઝિટ મોબિલાઈઝેશન, શ્રી ગોપાળભાઈ ધકાણે, આર.બી.આઈ.ના પરિપત્રો (ઓફિસર લેવલે) શ્રી હરિશભાઈ મિસ્ત્રીએ માર્કેટિંગ, બિઝનેશ મંત્ર, શ્રી જયરાજભાઈ ધકાણે, Income Tax, TDS in Co-Operative, શ્રી રાકેશભાઈ ચાવડાએ સાયબર સિક્યોરિટી, શ્રી કાનજીભાઈ ભાલાળાએ બેન્કિંગ ક્ષેત્રના પરિવર્તનો અને પડકારો જેવા વિષયો ઉપર મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલીમ વર્ગના પૂર્ણાહુતિ પ્રસંગે સૂરત જિલ્લા સહકારી સંઘના માનદમંત્રીશ્રી રમણભાઈ અંબેલાલ પટેલે હાજર રહી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી ભાવેશભાઈ પટેલે તાલીમાર્થીઓના પ્રતિભાવો મેળવી જરૂરી માહિતી આપી હતી. સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ લાઠીયાએ છ દિવસની તાલીમ લેવા બદલ બિરદાવ્યા હતા અને સંસ્થા માટે તેનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

સદર તાલીમ વર્ગમાં 09 જેટલી નાગરિક સહકારી બેન્કોના 30 જેટલા ક્લાર્ક કેડરના કર્મચારીઓએ, જ્યારે 10 નાગરિક બેન્કોના 30 જેટલા ઓફિસરોએ તાલીમ મેળવી હતી. તાલીમ વર્ગનું સંચાલન સૂરત જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી વિજયભાઈ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ સૂરત જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી શર્મિલાબેન આર. રાઠોડે કરી હતી.

# પાલિતાણા નાગરિક શરાફી મંડળીની 31મી સામાન્ય સભા સંપન્ન

પાલિતાણા : શહેરમાં 31 વર્ષથી કાર્યરત,સામાજિક અને જનહિતમાં અનેકવિધ પ્રવૃત્તિ સાથે સહકારી કાર્ય કરતી અને સમાજ ઉપયોગી બનતી પાલિતાણા નાગરિક શરાફી સહકારી મંડળી.લિ ની 31 મી વાર્ષિક સાધારણ સભા મંડળીના 21 વર્ષથી વિકાસશીલ-કાર્યદક્ષ પ્રમુખશ્રી પ્રવિણભાઈ એમ. ગઢવીના અધ્યક્ષસ્થાને મળી હતી. સભાનું સંચાલન ડિરેક્ટરશ્રી મનોજભાઈ ચાવડા અને શ્રી ઈશ્વરભાઈ જીવાણીએ કર્યું હતું. સભામાં ઉપસ્થિત મંડળીના સભાસદો, આમંત્રિત મહેમાનો, સામાજિક તથા રાજકીય આગેવાનોનું સ્વાગત ડિરેક્ટરશ્રી કાદરભાઈ સૈયદે કર્યું હતું. 31મી વાર્ષિક સાધારણ સભામાં મંડળીના સભાસદોના અભ્યાસ કરતા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યાં હતા.

પ્રમુખસ્થાનેથી પ્રમુખશ્રી પ્રવિણભાઈ ગઢવીએ વાર્ષિક કામગીરીનો અહેવાલ આપતા જણાવ્યું કે, વર્ષ 2025-26માં મંડળીએ સમાજ વિકાસ તથા ધાર્મિક કાર્યોમાં રૂ.2,81,101/- નું અનુદાન કર્યું છે. મંડળીએ અત્યાર સુધીમાં સભાસદ અકસ્માત સહાયમાં કુલ-31 સભાસદોને રૂા.31,00,000/- ચૂકવ્યા છે. કુદરતી રીતે મૃત્યુ થયેલ કુલ-607 સભાસદોને રૂા.48,03,500/- સહાય અપાઈ છે. તબીબી સહાય કુલ-1627 સભાસદોને રૂા. 40,25,886/- ની અપાઈ છે. વર્ષ : 2021/22 અને વર્ષ : 2025/26 માં માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ ધો.1 થી 12 ના શાળામાં અભ્યાસ કરતા કુલ-353 વિદ્યાર્થીને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી.

**સભાસદોના તેજસ્વી સંતાનોનું સન્માન**

નાબાર્ડ દ્વારા ગ્રામીણ... પાના નં. 1નું અનુસંધાન

for Turn Around (SAF–SITA) હેઠળ આવતી 96 બેંકો માટે Turn Around Plans (TAPs) તૈયાર કરીને તેનો અમલ કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ પહેલ હેઠળ કુલ 96 બેંકોને આવરી લેવામાં આવી હતી. NABARDની પ્રાદેશિક કચેરીઓ દ્વારા ત્રિમાસિક સમીક્ષાઓ દ્વારા TAPના અમલની દેખરેખ રાખવામાં આવી હતી. આ ઉપરાંત ઓક્ટોબર-નવેમ્બર 2025 દરમિયાન પાંચ ઝોનલ ક્ષમતા નિર્માણ કાર્યક્રમો યોજાયા હતા. ફરિયાદ નિવારણ ક્ષેત્રે પણ NABARD દ્વારા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. 1 એપ્રિલ, 2025થી ફરિયાદોનું સંચાલન CPGRAMS પોર્ટલ દ્વારા સેન્ટ્રલાઈઝ કરવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન દેખરેખ હેઠળની સંસ્થાઓ સામે 233 વહીવટી અને 1,287 બેન્કિંગ સંબંધિત થઈ કુલ 1,520 ફરિયાદો મળી હતી.

NABARDનું વેબ આધારિત NIVARAN પ્લેટફોર્મ ગ્રાહકોને ઓનલાઈન ફરિયાદ નોંધાવવા, તેનું સ્ટેટસ જાણવા તથા જરૂર પડે ત્યારે ફરિયાદને આગળ વધારવાની સુવિધા આપે છે. હાલમાં 93 ગ્રામીણ સહકારી બેંકો આ પ્લેટફોર્મ સાથે જોડાઈને કાર્યરત છે. જ્યારે બાકીની બેંકોને પણ આ વ્યવસ્થામાં તબક્કાવાર જોડવાની કામગીરી ચાલી રહી છે. ગ્રામીણ સહકારી બેન્કિંગ ક્ષેત્રના ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે NABARD, NCDC અને RCBsની સમાન ભાગીદારીથી સ્થાપિત Sahakar Sarathi Private Limited (SSPL)ની કામગીરી પણ મહત્વપૂર્ણ બની છે. SSPLએ 31 માર્ચ, 2026 સુધીમાં રૂ. 803.18 કરોડની ઈક્વિટી એકત્ર કરી છે. આ સંસ્થાની સેવામાં ડિજિટલ બેન્કિંગ, સાયબર સિક્યોરિટી, IT ગવર્નન્સ, લોન પ્રોસેસિંગ અને રિકન્સિલિએશનનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન જનરેટિવ AIના પ્રાયોગિક ઉપયોગ, bank.in ડોમેન તરફ સ્થળાંતર અને કેન્દ્રીકૃત ડિજિટલ ક્રેડિટ પ્લેટફોર્મ જેવી પહેલો હાથ ધરવામાં આવી છે.

NABARDના Cooperation among Cooperatives અભિયાન હેઠળ ગુજરાતમાં હાથ ધરાયેલા પાઇલટ પ્રોજેક્ટમાં 1.2 કરોડ RCB ડિપોઝિટ એકાઉન્ટ્સ અને રૂ. 65,662 કરોડની સંચિત થાપણો મેળવવામાં આવી છે. આ ઉપરાંત 8.8 લાખ RuPay KCC પણ ઇશ્યૂ કરવામાં આવ્યા છે. ગુજરાતના આ સફળ સહકારી મોડેલને હવે મહારાષ્ટ્ર, તમિલનાડુ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં વિસ્તૃત કરવાનું આયોજન છે. આગામી સમયમાં NABARD દ્વારા સહકારી સુશાસનને મજબૂત બનાવવા, PACSની પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય લાવવા, PACS Accelerator Programmeનું વિસ્તરણ કરવા તથા જનરેટિવ AI આધારિત DPR (Detailed Project Report) તૈયાર કરવાની વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવશે. આ પહેલો દ્વારા ગ્રામીણ સહકારી બેન્કિંગ ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક, ટેક્નોલોજી આધારિત અને સભ્યલક્ષી બનાવવું પડશે.

# રાધનપૂરમાં માર્કેટ યાર્ડમાં બનાસ બેંકના નવા મકાનનું લોકાર્પણ

પાટણ : રાધનપુર ખાતે માર્કેટ યાર્ડ અને બનાસ બેંકના નવા મકાનનું લોકાર્પણ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને કૃષિ અને સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ નવી સુવિધાઓથી સ્થાનિક ખેડૂતો, વેપારીઓ અને ગ્રાહકોને લાભ થશે.

કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ નર્મદા યોજનાથી ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં આવેલા પરિવર્તનની માહિતી આપી જણાવ્યું કે, નર્મદાના પાણી ઉત્તર ગુજરાત સુધી પહોંચતા ખેડૂતોને સિંચાઈની સુવિધા મળી છે; જેનાથી પરંપરાગત ખેતી ઉપરાંત બાગાયતી પાકોના ઉત્પાદનમાં પણ વધારો થયો છે. મંત્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને નર્મદા યોજનામાં તેમના યોગદાનની નોંધ લઈ ઉમેર્યું કે, ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો એ સરકારની વિકાસલક્ષી નીતિઓનું પરિણામ છે.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર,રાધનપુર ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર, બનાસ બેંકના ચેરમેનશ્રી પીળયાતર,રાધનપુર એપીએમસીના ચેરમેનશ્રી બાબુભાઈ ચૌધરી, સહિતના રાજકીય તથા સામાજિક આગેવાનો સાથે મોટી સંખ્યામાં વેપારીઓ પણ જોડાયા હતા.

# બોટાદ પીપલ્સ ક્રેડિટ સોસાયટીની 35મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

બોટાદ : બોટાદ પીપલ્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની 35મી વાર્ષિક સામાન્ય સભા ચેરપર્સન જયશ્રીબેન વડોદરિયાના અધ્યક્ષસ્થાને મળી હતી.

સોસાયટીના મેનેજરશ્રી વીરેન્દ્રસિંહ ભાટીએ કાર્યસૂચિ મુજબના ઠરાવ રજૂ કર્યા હતા. જેને સાધારણ સભાએ બહાલી આપી હતી.

ડિરેક્ટરશ્રી નીતિનભાઈ વડોદરિયાએ સભાસદોને ઈન્કમટેક્ષ, ટીડીએસની માહિતી આપી હતી. ડિરેક્ટરશ્રી પ્રિયેશભાઈ રોજેસરાએ સંસ્થાના ફંડની માહિતી આપી હતી. ચેરપર્સન જયશ્રીબેન વડોદરિયાએ સભાસદોના સાથ સહકારને બિરદાવ્યો હતો. સોસાયટીનું શેર ભંડોળ રૂ.71.26 લાખ, થાપણો રૂા. 547 લાખ, અન્ય ફંડ રૂ.480 લાખની સામે ચોખ્ખો નફો રૂ.70.66 લાખ થયો છે. રૂ.1080 લાખનું ધિરાણ આપ્યું છે. એનપીએ શૂન્ય છે. સભાસદોને 15 ટકા ડિવિડંડ અપાશે.

# ભારતમાં સહકારી ક્ષેત્રની વ્યવસ્થામાં પરિવર્તન લાવવાના હેતુથી મંત્રાલયે છ આધારસ્તંભો નિર્ધારિત કર્યા

## ટેક્નોલોજી, બજાર વિસ્તરણ, સામાજિક સમાવેશ અને યુવા શક્તિ પર વિશેષ ભાર

નવી દિલ્હી: ભારતના સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, આધુનિક, ટેક્નોલોજી આધારિત, સર્વસમાવેશક અને સભ્યલક્ષી બનાવવા માટે સહકાર મંત્રાલયે રાષ્ટ્રીય સહકાર નીતિ–2025 અંતર્ગત છ વ્યૂહાત્મક આધારસ્તંભો નિર્ધારિત કર્યા છે. સહકાર નીતિ 24 જુલાઈ, 2025થી અમલમાં મૂકવામાં આવી છે. જેમાં 6 વ્યૂહાત્મક આધારસ્તંભો, 16 ઉદ્દેશો અને 83 ભલામણોનો સમાવેશ થાય છે.

આ છ આધારસ્તંભો હેઠળ સહકારી સંસ્થાઓના સંસ્થાકીય પાયાને મજબૂત બનાવવાથી લઈને ટેક્નોલોજીનો સ્વીકાર, સર્વસમાવેશક વિકાસ, નવી વ્યાવસાયિક તકોનું નિર્માણ, સામાજિક સમાવેશ, ઉભરતા ક્ષેત્રોમાં પ્રવેશ અને યુવા પેઢીને સહકારી ક્ષેત્ર સાથે જોડવા સુધીના વિવિધ પાસાંને આવરી લેવામાં આવ્યા છે. સહકાર મંત્રાલયના આ અભિગમનો મુખ્ય ઉદ્દેશ સહકારી આંદોલનને વધુ મજબૂત, સ્માર્ટ અને લોકો-કેન્દ્રિત બનાવવાનો છે. પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના ડિજિટાઇઝેશન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ, સ્વચ્છ ઊર્જા પ્રોજેક્ટ્સ, નિકાસ તથા યુવાનો માટે કૌશલ્ય વિકાસ જેવી પહેલો દ્વારા સહકારી ક્ષેત્રને નવી દિશા આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પ્રથમ આધારસ્તંભ "મજબૂત પાયો – Strengthening the Foundation" છે. આ અંતર્ગત સહકારી સંસ્થાઓ માટે મજબૂત સંસ્થાકીય પાયો ઊભો કરવા કાયદાકીય સુધારા, સુશાસન, નાણાકીય સુવિધાઓ સુધી વધુ પહોંચ અને ડિજિટાઇઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. દેશમાં 32 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ PACSના મોડેલ બાયલોઝ અપનાવ્યા છે. આ પગલાંથી સહકારી સંસ્થાઓની કાર્યક્ષમતા અને ટકાઉપણું વધારવાની સાથે સભ્યોની બદલાતી જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરવામાં મદદ મળશે.

બીજો આધારસ્તંભ "સહકારી ક્ષેત્રમાં ગતિશીલતા અને નવા વ્યવસાય" છે. તેના દ્વારા સહકારી સંસ્થાઓની આસપાસ નવા બિઝનેસ ઇકોસિસ્ટમ વિકસાવવા અને તેમની આર્થિક પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. PACSને બહુહેતુક બનાવવાના પ્રયાસ હેઠળ તેઓ 25થી વધુ વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે મોડેલ બાયલોઝ તૈયાર કરવામાં આવ્યા છે. નિકાસ, ગ્રામીણ બિઝનેસ ક્લસ્ટર અને બજાર આધારિત નવી તકો પર ભાર મૂકીને સહકારી સંસ્થાઓને આર્થિક પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય ભાગીદાર બનાવવાનો તથા સભ્યો માટે વધારાની આવકની તકો ઊભી કરવાનો હેતુ છે.

ત્રીજો આધારસ્તંભ "સહકારી સંસ્થાઓને ભવિષ્ય માટે સજ્જ બનાવવા ટેક્નોલોજી – Making Cooperatives Future-Ready" છે. તેમાં ટેક્નોલોજી અને વ્યાવસાયિક મેનેજમેન્ટને સહકારી વિકાસના કેન્દ્રમાં રાખી ડિજિટલ માળખાના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. ડેટા આધારિત નિર્ણયક્ષમતા, ટેક્નોલોજીનું વ્યાપક એકીકરણ, આધુનિક મેનેજમેન્ટ પદ્ધતિઓ તથા સહકારી




ટેક્નોલોજી સ્ટેકના વિકાસ દ્વારા સહકારી સંસ્થાઓને વધુ કાર્યક્ષમ અને ડિજિટલ અર્થવ્યવસ્થામાં સ્પર્ધાત્મક બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ચોથો આધારસ્તંભ "સમાવેશિતાને પ્રોત્સાહન અને પહોંચનો વિસ્તાર કરવો – Promoting Inclusivity and Deepening Reach" છે. આ અંતર્ગત સહકારી આંદોલનને વધુ લોકો-કેન્દ્રિત બનાવવામાં આવી રહ્યું છે. સહકારી ક્ષેત્ર આધારિત સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપીને સમાજના વધુ વ્યાપક વર્ગ સુધી સહકારી સંસ્થાઓના લાભો પહોંચે તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. મહિલાઓ, યુવાનો, નાના અને સીમાંત ખેડૂતો તથા નબળા વર્ગોની સહકારી સંસ્થાઓમાં ભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

પાંચમો આધારસ્તંભ "નવા અને ઉભરતા ક્ષેત્રોમાં પ્રવેશ – Entering New and Emerging Sectors" છે. સહકારી સંસ્થાઓને પરંપરાગત પ્રવૃત્તિઓથી આગળ વધીને નવા ક્ષેત્રોમાં પ્રવેશ કરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. બાયોગેસ, સ્વચ્છ ઊર્જા, વેરહાઉસિંગ અને આરોગ્યસંભાળ જેવા ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓ માટે નવી વ્યાવસાયિક તકો ઊભી થઈ શકે છે. આ પ્રકારનું વૈવિધ્યકરણ સહકારી સંસ્થાઓની આવકના નવા સ્ત્રોત ઊભા કરવાની સાથે ગ્રામીણ અર્થતંત્રને પણ મજબૂત બનાવવામાં મદદરૂપ બની શકે છે.

છઠ્ઠો આધારસ્તંભ "સહકારી વિકાસ માટે યુવા પેઢીને તૈયાર કરવી – Shaping Young Generation for Cooperative Growth" છે. સહકારી ક્ષેત્રના ભવિષ્યમાં યુવાનોની ભૂમિકા વધારવા માટે અભ્યાસક્રમો, તાલીમ કાર્યક્રમો અને રોજગારની તકો ઊભી કરવી જેવી પહેલો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. યુવાનો પેઢીને સહકારી વ્યવસ્થાપનનું જ્ઞાન અને વ્યવહારું અનુભવ મળે એટલે કે, સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલું જ્ઞાન અને કૌશલ્ય વિકાસની સાથે રોજગાર તથા ઉદ્યોગસાહસિકતાની તકો ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે.

આ પરિવર્તન પ્રક્રિયામાં સહકારી ધિરાણ માળખાના પાયાના સ્તરે કાર્યરત PACS ડિજિટલ પરિવર્તનના મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યા છે. PACSના કોમ્પ્યુટરાઇઝેશન અને આધુનિક સેવાઓ સાથે તેમના એકીકરણથી પારદર્શિતા અને કાર્યક્ષમતામાં સુધારો કરવાની સાથે ગ્રામીણ સભ્યોને ઉપલબ્ધ સેવાઓનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. PACSના કમ્પ્યુટરાઇઝેશન માટે સરકાર દ્વારા કુલ ₹2,925.39 કરોડના નાણાકીય ખર્ચ સાથેનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. ઉપલબ્ધ સરકારી માહિતી અનુસાર 79,630 PACSને પ્રોજેક્ટ હેઠળ મંજૂરી આપવામાં આવી છે અને 61,025 PACS ERP સોફ્ટવેર

અનુસંધાન પાના નંબર : 2

# 55,514 પેક્સ દ્વારા ગ્રામીણ ભારતમાં 300થી વધુ ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ

નવી દિલ્હી: ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવાઓની પહોંચ વધારવાની દિશામાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. સહકાર મંત્રાલય દ્વારા સોશિયલ મીડિયા પર આપવામાં આવેલી માહિતી અનુસાર દેશની 55,514 PACS હવે કોમન સર્વિસ સેન્ટર્સ (CSCs) તરીકે કાર્યરત થઈને ગ્રામ્ય સમુદાયોને 300થી વધુ ડિજિટલ સેવાઓ




પૂરી પાડી રહી છે.

PACS દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓમાં બેન્કિંગ, વીમા, આધાર સંબંધિત સેવાઓ, આરોગ્યસંભાળ, PAN સંબંધિત સુવિધાઓ, ટિકિટ બુકિંગ સહિતની વિવિધ ડિજિટલ સેવાઓનો સમાવેશ થાય છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગામડાંના લોકોને આવશ્યક ડિજિટલ સેવાઓ તેમના નજીકના સ્થળે ઉપલબ્ધ કરાવવાનો છે.

PACSને કોમન સર્વિસ સેન્ટર તરીકે વિકસાવવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવાઓ મેળવવા માટે લોકોને દૂરના શહેરી કે તાલુકા કેન્દ્રો સુધી જવાની જરૂરત રહેશે નહીં. સ્થાનિક સ્તરે વિવિધ સરકારી અને નાગરિક સેવાઓ ઉપલબ્ધ થવાથી ગ્રામ્ય નાગરિકો માટે સેવાઓ મેળવવાની પ્રક્રિયા વધુ સરળ અને સુલભ બની રહી છે.

PACSના આધુનિકીકરણ અને તેમને બહુહેતુક સંસ્થાઓ (Multipurpose Institutions) તરીકે વિકસાવવાના સરકારના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે આ પહેલને મહત્વ આપવામાં આવી રહ્યું છે. સહકાર મંત્રાલયે PACS દ્વારા ડિજિટલ સેવાઓના આ વિસ્તરણને સહકારી સંસ્થાઓ દ્વારા ગ્રામ્ય ડિજિટલ સશક્તીકરણમાં આપવામાં આવતા યોગદાનના ઉદાહરણ તરીકે રજૂ કર્યું છે. PACS હવે માત્ર કૃષિ ધિરાણ પૂરતી મર્યાદિત સંસ્થા ન રહેતાં ગ્રામ્ય સમુદાય માટે વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડતા પાયાના સ્તરના સેવા કેન્દ્રો તરીકે વિકસિત થઈ રહી છે. 55,514 PACS દ્વારા 300થી વધુ ડિજિટલ સેવાઓની ઉપલબ્ધતા એ દર્શાવે છે કે ટેક્નોલોજી અને સહકારી માળખાના સંકલનથી ગ્રામ્ય વિસ્તારોમાં સેવા વિતરણનું નવું માળખું વિકસિત થઈ રહ્યું છે. આથી PACS ગામડાંના લોકો માટે ડિજિટલ સેવા, નાણાકીય સુવિધા અને વિવિધ આવશ્યક સેવાઓના સ્થાનિક કેન્દ્ર તરીકે વધુ સશક્ત બની રહી છે. તેમજ PACSના આ ડિજિટલ વિસ્તરણથી સહકારી સંસ્થાઓની પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન સાથે તેઓ ગ્રામ્ય ભારતના ડિજિટલ અને આર્થિક સશક્તીકરણના પાયાના કેન્દ્રો તરીકે વિકસે તેવી દિશા વધુ મજબૂત બની રહી છે.

## પેક્સ હવે ગામડાંમાં બેન્કિંગથી લઈને આરોગ્ય અને ટિકિટ બુકિંગ સુધીની સેવાઓ પૂરી પાડશે

## "કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" યુવા મહિલા સહકારી સેમિનાર – 2026

# શિક્ષિત યુવા મહિલાઓએ સહકારી ક્ષેત્ર સાથે જોડાઈને સહકારથી સમૃદ્ધિના સૂત્રને સાર્થક કરવું જોઈએ : શ્રી ઘનશ્યામભાઈ અમીન






અમદાવાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ઉપક્રમે રાજ્યની જુદી જુદી કૉલજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે સહકારી ક્ષેત્રે યુવા મહિલાઓની ભાગીદારી વધે તે માટે "કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" વિષય વસ્તુને ધ્યાનમાં રાખી રાજ્ય કક્ષાનો યુવા મહિલા સહકારી સેમિનાર - 2026, તારીખ 19-09-2026 શનિવારના રોજ ટાગોર હોલ-પાલડી, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો.

સેમિનારના પ્રમુખ સ્થાનેથી રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ અને રાષ્ટ્રીય સહકારી આગેવાનશ્રી ઘનશ્યામભાઈ અમીને સેમિનારની પ્રાસંગિકતા અને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષની સમજ આપી જણાવ્યું હતું કે, વિશ્વમાં 120 દેશોમાં સહકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. સહકારી પ્રવૃત્તિનો દિવસે દિવસે વિકાસ થઈ રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ "કો-ઓપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડ" વિષયવસ્તુ રાખી 2025ના વર્ષને પણ આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ તરીકે ઉજવ્યું હતું. આમ યુનો પણ માને છે કે, વિશ્વને સારું બનાવવું હશે તો તે સહકારથી થશે. તેજ રીતે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા લાવવા 'સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર આપ્યું છે. એટલે તેઓ માને છે કે, સહકારી પ્રવૃત્તિથી રાષ્ટ્ર સમૃદ્ધ બની શકશે. આથી 75 વર્ષ પછી દેશમાં સહકાર મંત્રાલયની રચના કરી તેની જવાબદારી સહકારના જાણકાર શ્રી અમિતભાઈ શાહને સોંપી છે. સહકારથી સમૃદ્ધિના વિઝનને સાકાર કરવા ગૃહ અને પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલયે સહકારી પ્રવૃત્તિમાં જે ખામીઓ હતી ત્રૂટીઓ હતી તે દૂર કરી રહ્યાં છે. અને ગામડાંથી લઈ રાષ્ટ્રિય કક્ષા સુધી સહકારી માળખાંને મજબૂત બનાવી રહ્યાં છે. સહકારી પ્રવૃત્તિની તાકાત, સહકારી માળખું અને સભાસદો છે. આમ જ્યારે દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સહકારી ક્ષેત્રને આટલું મહત્વ આપ્યું હોય ત્યારે યુવા મહિલા જગત તેનાથી અજાણ રહે તે કેવી રીતે ચાલે; દરેક વિદ્યાર્થિનીએ સહકારી પ્રવૃત્તિ શું છે ? કેવી રીતે ચાલે છે. તથા તેઓ આ ક્ષેત્રે પોતાનું કેરિયર કેવી રીતે બનાવી શકે તેનું માર્ગદર્શન મેળવવું આપણને રૂચિ હોય તે ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ. સહકારી ક્ષેત્ર ખૂબ વિશાળ ક્ષેત્ર છે. સહકારી ક્ષેત્રે સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ, રાજ્યના સહકાર મંત્રી શ્રી જિતુભાઈ વાઘાણી, સહકારી ક્ષેત્રે જેમણે મોટું નામ કર્યું છે તેવાં શ્રી ઘનશ્યામભાઈ અમીન બધા જ મદદ કરવા તૈયાર છે ત્યારે વિદ્યાર્થિનીઓએ સહકાર સાથે જોડાવવા માટે સહકારી પ્રવૃત્તિનું ઉડાણ પૂર્વકનું જ્ઞાન મેળવવું જોઈએ. અને સહકારી મંડળી બનાવી અન્ય લોકો માટે પણ રોજગારી ઊભી કરવી જોઈએ.

# વિદ્યાર્થિનીઓએ સહકારી મંડળી બનાવી અન્ય લોકો માટે પણ રોજગારી ઊભી કરવી જોઈએ : શ્રી દર્શનાબેન વાઘેલા

આ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરી યુવા મહિલા સેમિનાર યોજવા બદલ રાજ્ય સંઘને અભિનંદન પાઠવતાં રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાએ દીકરી બચાવો દીકરી પઢાવો, શાળા પ્રવેશોત્સવથી દીકરીઓ આગળ વધી રહી છે. તે અંગે ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, દરેક માબાપની ઈચ્છા હોય છે કે, દીકરીઓ પગભર બને. ત્યારે ડિગ્રી મેળવી જે વિષયમાં ખૂબ જરૂરી છે. આ માર્ગદર્શન આપવા માટે રાજ્ય સહકારી સંઘ દર વર્ષે રાજ્ય કક્ષાના સેમિનારોનું આયોજન કરે છે.

વિવિધ સફળ સહકારી સંસ્થાઓના ઉદાહરણ આપી કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને સહકારી ક્ષેત્રે જોડાવા અપીલ કરતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, નાના મધ્યમ વર્ગના લોકોને આર્થિક અને

અનુસંધાન પાના નંબર : 2

## કૃષિક્ષેત્રે ડિજિટલ પરિવર્તન માટે રજિસ્ટ્રી શરૂ કરાઈ

# ગુજરાતમાં 63.35 લાખ ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રીમાં નોંધણી કરાવી

અમદાવાદ : કૃષિ ક્ષેત્રે ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે ડિજિટલ એગ્રિકલ્ચર મિશન અંતર્ગત શરૂ કરાયેલી ફાર્મર રજિસ્ટ્રીમાં ગુજરાતમાંથી 93.35 લાખ ખેડૂતોએ નોંધણી કરાવી છે. આ નોંધણીના આધારે ખેડૂતો અને તેમના પાકની તમામ વિગતો એક જ પ્લેટફોર્મ પર એકત્ર કરવામાં આવે છે. આ ડેટા આધારે તેઓની મળતી સરકારી સહાય પણ સરળતાથી તેઓ સુધી પહોંચાડી શકાય છે.

ગુજરાતમાં ખેડૂતો માટે ડિજિટલ વ્યવસ્થાનો વ્યાપ વધારવાની દિશામાં હવે ફાર્મર રજિસ્ટ્રીને મહત્વનું સાધન બનાવવામાં આવી રહ્યું છે. કૃષિ ક્ષેત્રે ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલાં ડિજિટલ




એગ્રિકલ્ચર મિશન અંતર્ગત તૈયાર થતી આ વ્યવસ્થામાં ખેડૂતોને વિશ્વસનીય ડિજિટલ ઓળખ આપવાની સાથે તેમની જમીન, પાક અને સરકારી કૃષિ સેવાઓ સંબંધિત માહિતીને એકીકૃત કરી ડિજિટલ માળખા સાથે જોડવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. જેમાં રાજ્યભરના કુલ 63.35 લાખ ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રીમાં નોંધણી કરાવી છે. રજિસ્ટ્રીમાં ખેડૂતની ઓળખ સાથે જમીન અને પાક સંબંધિત વિગતો જોડાતા લાભાર્થીઓ સુધી સરકારી યોજનાનો લાભ પહોંચાડવો સરળ બનાવવા પ્રયાસ

અનુસંધાન પાના નંબર : 2

# ભારતનું અર્થતંત્ર 7 ટકા દરે વધશે

નવી દિલ્હી : દુનિયાભરમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે આર્થિક મોરચે ભારત માટે સારા સમાચાર સામે આવ્યા છે. મૂડીઝ રેટિંગ્સ બાદ હવે એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સએ પણ ભારતની અર્થવ્યવસ્થા માટેના પોતાના ગ્રોથના અનુમાનમાં વધારો કરીને 7 ટકા કરી દીધો છે. મૂડીઝે જીડીપી ગ્રોથનું અનુમાન આખું 1 ટકા વધારીને 7 ટકા કર્યું હતું, જ્યારે એસએન્ડપીએ પોતાનું અનુમાન 0.4 ટકા વધાર્યું છે. આ તમામ જી-20 અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી ગ્રોથ રેટ છે. આ અનુમાન આરબીઆઈના 6.7 ટકા અને ફિચ રેટિંગ્સના 6.4 ટકા કરતાં ઘણું વધારે છે.

એસએન્ડપીએ નાણાકીય વર્ષ 2027 માટે ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજ 6.6 ટકાથી વધારીને 7 ટકા કરી દીધો છે. એજન્સીનું કહેવું છે કે, જૂનના ત્રિમાસિક ગાળામાં ઉદ્યોગ, વપરાશ, નિકાસ અને સરકારી રોકાણે અપેક્ષા કરતાં સારો દેખાવ કર્યો છે. આ પહેલાં 18 સપ્ટેમ્બરે મૂડીઝે પણ 2026- 27માં 6 ટકા ગ્રોથના અનુમાનને વધારીને 7 ટકા કરી દીધો હતો. એસએન્ડપીના રિપોર્ટ મુજબ, જૂન ક્વાર્ટરમાં ભારતીય અર્થવ્યવસ્થા 7.8 ટકા વધી છે. જો કે, ગતિ થોડી ઘટી છે, છતાં વૃદ્ધિ મજબૂત રહી છે, જેનાથી ઊભરતી એશિયાની અર્થવ્યવસ્થાને ટેકો મળ્યો છે. એજન્સીને અપેક્ષા છે કે, નાણાકીય વર્ષ 2028માં 7.2 ટકા અને નાણાકીય વર્ષ 2029માં 7 ટકા ગ્રોથ રહી શકે છે. આ સાથે જ નાણાકીય વર્ષ 2027માં મોંઘવારી સરેરાશ 5.1 ટકા રહી શકે છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-10-2026